# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09.09.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , UPI એ ફિનટેકની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું , ભારત કટોકટીના સમયમાં શ્રીલંકાની સાથે હંમેશા મજબૂતીથી ઊભું રહેશે – ભારતીય સમુદાયને બંને દેશો વચ્ચેનો સેતુ ગણાવ્યો

3) ભારત અને કુવૈત વિવિધ ક્ષેત્રોમાં વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા સંમત થયા

4) ઉત્તરપ્રદેશના વારાણસીથી દેશવ્યાપી 9માં રાષ્ટ્રીય પોષણ માસનો આજથી પ્રારંભ થશે.

5) અમદાવાદમાં રમાઈ રહેલી વિશ્વ પેરા તીરંદાજી સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓ આજે સુવર્ણ અને કાંસ્ય ચંદ્રક જીતવાના જુસ્સા સાથે મેદાનમાં ઊતરશે.

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - FINTECH FEST

ફિનટેકમાં ભારતની વૃદ્ધિની નોંધપાત્ર સિદ્ધિની પ્રશંસા કરતા , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે UPI એ ફિનટેકની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ગઈકાલે મુંબઈમાં 'ગ્લોબલ ફિનટેક ફેસ્ટ 2026'નું ઉદ્ઘાટન કરતા, શ્રી મોદીએ UPI ને નાણાકીય સમાવેશ માટે શ્રેષ્ઠ સાધન તરીકે વર્ણવ્યું,

## (BYTE - PM ON UPI)

ભારતની અગ્રણી ડિજિટલ ચુકવણી પ્રણાલીના વૈશ્વિક વિસ્તરણનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે UPI હવે 11 દેશોમાં ઉપલબ્ધ છે. તેમણે કહ્યું વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતે મજબૂત આર્થિક વૃદ્ધિ નોંધાવી છે . જેનાથી ભારત પર દુનિયાનો ભરોસો વધ્યો છે.

## (PM – FINTECH ON TRUST)

# RAJNATH - INDIAN COMMUNITY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શ્રીલંકામાં ભારતીય સમુદાયને બંને દેશો વચ્ચેનો સેતુ ગણાવતા કહ્યું, ભારતીય સમુદાય બંને દેશો વચ્ચે મિત્રતાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. ગઈકાલે કોલંબોમાં ભારતીય સમુદાય સાથેની વાતચીતમાં તેમણે આ મુજબ જણાવ્યુ. સંરક્ષણમંત્રીએ કહ્યું કે ભારત હંમેશા કટોકટીના સમયમાં શ્રીલંકાની સાથે મજબૂત રીતે ઊભું રહેશે.

તેમણે કહ્યું, વૈશ્વિક આર્થિક પડકારો વચ્ચે 2026-27 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતની અર્થવ્યવસ્થા 7.8 ટકાના દરે વૃદ્ધિ પામી છે. ભારતે છેલ્લા 12 વર્ષમાં 38 દેશો સાથે વેપાર કરાર કર્યા છે , જેમાં આઠ મુખ્ય રાષ્ટ્રો સાથે મુક્ત વેપાર કરારનો સમાવેશ થાય છે.

શ્રી સિંહ ગઈકાલથી શ્રીલંકાની ત્રણ દિવસીય મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન તેઓ વિવિધ મુદ્દાઓ પર દ્વિપક્ષિય બેઠકો કરશે.

# INDIA KUWAIT

ભારત અને કુવૈત વિવિધ ક્ષેત્રોમાં વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા સંમત થયા છે. બંને દેશો વચ્ચે 8મી ભારત-કુવૈત વિદેશ કાર્યાલય પરામર્શ બેઠક ગઈકાલે કુવૈતમાં યોજાઈ હતી. આ બેઠકની સહ-અધ્યક્ષતા વિદેશ મંત્રાલયના અધિક સચિવ અસીમ મહાજન અને કુવૈતના વિદેશ મંત્રાલયના એશિયા બાબતોના સહાયક વિદેશમંત્રી નવાફ અબ્દુલલતીફે કરી હતી.

બેઠક દરમિયાન , બંને દેશોએ રાજકીય સંબંધો , વેપાર, રોકાણ, સંરક્ષણ, સુરક્ષા, ઉર્જા, ટેકનોલોજી, કૃષિ, આરોગ્ય, સંસ્કૃતિ અને લોકોથી લોકો વચ્ચેના સંબંધો સહિત વિવિધ ક્ષેત્રોમાં વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાના માર્ગો પર ચર્ચા કરી હતી. બંને દેશો વિદેશ કાર્યાલય પરામર્શનો આગામી તબક્કો નવી દિલ્હીમાં યોજવા સંમત થયા હતા.

# NAVY CHIEF - VISIT

નૌકાદળના વડા એડમિરલ કૃષ્ણા સ્વામિનાથન આજથી ઓસ્ટ્રેલિયા અનેન્યુઝીલેન્ડની સત્તાવાર મુલાકાતે જશે. એડમિરલસ્વામિનાથન રોયલ ઓસ્ટ્રેલિયન નૌકાદળના વરિષ્ઠ નેતૃત્વ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે.

મુલાકાત દરમિયાન તેઓ મુખ્ય સંસ્થાઓની મુલાકાત પણ લેશે. તેઓ રોયલ ન્યુઝીલેન્ડ નૌકાદળના કર્મચારીઓ અને વ્યાવસાયિક લશ્કરી શિક્ષણ મેળવતા અધિકારીઓ સાથે વાતચીતકરશે. તેઓ ન્યુઝીલેન્ડની નૌકાદળના વડા સાથેચર્ચા કરશે.

આ મુલાકાત બંને દેશોનાનૌકાદળો વચ્ચે ક્રિયાપ્રતિક્રિયા, માહિતી, તાલીમ અને વ્યાવસાયિક આદાનપ્રદાનને વધુ મજબૂત બનાવવા પર કેન્દ્રિત રહેશે.

# MANIPUR-VP VISIT

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને ગઇકાલે મણિપુરના મોઇરાંગમાં INA શહીદ સ્મારક સંકુલમાં ભારતીય સેનાના જવાનોની બહાદુરી અને બલિદાનને શ્રદ્ધાંજલિ અર્પી.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન એપ્રિલ 1944 માં નેતાજી સુભાષ ચંદ્ર બોઝના નેતૃત્વ હેઠળ ભારતીય રાષ્ટ્રીય સેનાએ પ્રથમ વખત આ સ્થળે ત્રિરંગો ફરકાવ્યો હતો.

ઉપરાષ્ટ્રપતિએ INA યુદ્ધ સ્મારક સ્તૂપની મુલાકાત લઈ નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી. તેમણે ઇમ્ફાલ ખાતે સૈનિક સ્કૂલની મુલાકાત લીધી અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી.

# CHHATTISGARH - MAOISTS

છત્તીસગઢમાં, કાંકેરની એક અદાલતે 2015 માં સુરક્ષા દળો પર થયેલા હુમલા સંબંધિત કેસમાં પ્રભાકર અને તેની પત્ની રાજે કાંગે સહિત પાંચ માઓવાદીને 7 વર્ષની કેદની સજા ફટકારી છે. આ કેસમાં સામેલ અન્ય ત્રણ માઓવાદીને પાંચ-પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી છે.

ઘણા વર્ષો સુધી ફરાર રહ્યા બાદ, પ્રભાકરની 2024 માં પોલીસે ધરપકડ કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GOA - ELEVATED ROAD

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી આજે ગોવામાં પોર્વોરિમ એલિવેટેડ કોરિડોરનું ઉદ્ઘાટન કરશે. NH-66 પર છ લેનનો આ પ્રોજેક્ટ , લગભગ 641 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામ્યો છે , જેનાથી ટ્રાફિક હળવો થશે અને પણજી અને રાજ્યના ઉત્તર ભાગ વચ્ચે કનેક્ટિવિટીમાં સુધારો થશે. આ કોરિડોર 11 સપ્ટેમ્બરથી નિયમિત રીતે વાહન વ્યવહાર માટે ખુલશે.

# POSHAN MAS

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી આજે ઉત્તરપ્રદેશના વારાણસીથી 9માં રાષ્ટ્રીય પોષણ માસ 2026નો પ્રારંભ કરાવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ ઉપસ્થિત રહેશે. આ અભિયાન સમગ્ર સપ્ટેમ્બર મહિના દરમિયાન દેશભરના આંગણવાડી કેન્દ્રો, શાળાઓ, પંચાયતો અને આવાસોમાં સમુદાયની ભાગીદારી સાથે ચલાવવામાં આવશે. આ વર્ષની વિષયવસ્તુ છે – આપણી આંગણવાડી, આપણી જવાબદારી છે.

પ્રસ્તુત છે એક અહેવાલ...............

(V/C - SUSHIL-TIWARI)

# UP-ANGANWADI HONORARIUM

ઉત્તર પ્રદેશ સ  રકારે આંગણવાડી કાર્યકરો અને  તેડાગરો માટે માનદ વેતનમાં વધારો કર્યો છે. આંગણવાડી કાર્યકરોના વેતનમાં દર મહિને 4,000 અને તેડાગરોના વેતનમાં દર મહિને 2,000 રૂપિયાનો વધારાનો વધારો કરાયો છે. આ વધારા બાદ, આંગણવાડી કાર્યકરોને દર મહિને 12 હજાર જ્યારે તેડાગરોને દર મહિને 6,000 રૂપિયાનું માનદ વેતન મળશે. વધેલું માનદ વેતન સપ્ટેમ્બર 2026 થી અમલમાં આવશે અને ઓક્ટોબર 2026 માં ચૂકવવામાં આવશે.

# IRAN - US CONFLICT

પશ્ચિમ એશિયામાં અમરિકાના અને ઈરાન વચ્ચેના હુમલાઓને પગલે તણાવ તીવ્ર બન્યો છે. અમેરિકાએ જણાવ્યુ કે , છેલ્લા બે દિવસમાં ઇરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા અમેરિકન યુદ્ધ જહાજ પર કરાયેલા હુમલાઓ બાદ અમેરિકી સેનાએ પાંચ ઇરાની ક્રૂડ-ઓઇલ ટેન્કરોનો નાશ કર્યો છે. જવાબમાં ઇરાને જોર્ડનમાં અમેરિકાના લક્ષ્યો પર મિસાઇલો છોડ્યા છે.

આ દરમિયાન, IRGCએ ટેન્કર ક્રૂને તાત્કાલિક બંદરોની અંદર સ્થિત જહાજો છોડી દેવા ચેતવણી આપી છે.

# WORLD PARA ARCHERY

ગુજરાતના અમદાવાદમાં રમાઈ રહેલી વિશ્વ પેરા તીરંદાજી સ્પર્ધામાં ભારતીય પેરા તીરંદાજો આજે વિવિધ ઇવેન્ટ્સમાં સુવર્ણ અને કાંસ્ય ચંદ્રક જીતવાના જુસ્સા સાથે મેદાનમાં ઊતરશે.

ફાઇનલમાં પેરા રિકર્વ મિક્સ્ડ ટીમમાં , ભારતની ભાવના અને હરવિંદર સિંહ ચીનની લિયાંગ કિયુરોંગ અને ઝિયા લેઇ સામે ટકરાશે. ભારતની શીતલ દેવી પેરા કમ્પાઉન્ડ મહિલા વ્યક્તિગત શ્રેણીની ફાઇનલમાં કઝાકિસ્તાનની એઝાદા સીદાન સામે રમશે. શીતલ દેવી પેરા કમ્પાઉન્ડ મિશ્ર ટીમમાં કાંસ્ય ચંદ્રક મેચમાં પણ ભાગ લેશે.તો  પેરા રિકર્વ મહિલા કાંસ્ય ચંદ્રક મેચમાં  , રાજશ્રી રાઠોડ દેશબંધુ ભાવના સામે ટકરાશે.

# MANDAVIYA - ASIAN GAMES 2026

એશિયન રમતોત્સવમાં ભાગ લેવા માટે ગઈકાલે નવી દિલ્હીમાં ભારતીય ટુકડીને વિજયની શુભેચ્છાઓ સાથે વિદાય આપવામાં આવી. યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આ પ્રસંગે ભારતીય ટુકડીની સત્તાવાર જર્સીનું અનાવરણ કર્યું.

આ પ્રસંગે, ડૉ. માંડવિયાએ ભારતીય ખેલાડીઓને પ્રતિકૂળતાને તક તરીકે જોવા અને તકોને સિદ્ધિઓમાં ફેરવવા આહ્વાન કર્યું.

આગામી 19 સપ્ટેમ્બરથી જાપાનમાં એશિયન રમતોત્સવ યોજાશે. જેમાં 503 સભ્યોની ભારતીય ટુકડીમાં 300 થી વધુ રમતવીરો પહેલીવાર ભાગ લઈ રહ્યા છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધિ ઉંધાડ

- અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ
- આજના તમામ અખબારોઓ વડાપ્રધાન મોદીના ગુજરાત પ્રવાસના સમાચારોની હેડલાઈન બનાવી છે.
- સંદેશ પ્રથમ પાને લખે છે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ફ્રી ઓનલાઈન કોચિંગ- મોદી.
- ગુજરાત સમાચારની હેડલાઈન છે AI મા સુપરપાવર બનવા ઈકો સિસ્ટમ જરૂરી- મોદી
- નવગુજરાત સમય પ્રથમ પાને લખે છે જૂઠની ગૂંજથી ભરમાવનારા અનેક મળશે પણ દેશનો નૌજવાન સચની હુંકાર સાથે ચાલે છે- પીએમ
- ફૂલછાબનુ શિર્ષક છે મોદીનુ રેમ્પવોક- ધૂરંધરના ગીત સાથે એન્ટ્રી - જૂઠા દાવાઓથી બચીને સત્યનો સાથ આપજો- પીએમ... ભારત પ્રવાસે આવશે પુતિન- 11મીએ મોદી સાથે મંત્રણા..
- દિવ્ય ભાસ્કર લખે છે જેનઝી વચ્ચે રેમ્પ વોક કરી પીએમ મોદીએ વડોદરાને બતાવ્યો 32 હજાર કરોડનો વિકાસ..
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો એરપોર્ટ પર પેસેન્જરનો સામાન લઈ લેનાર 4 કસ્ટમ અધિકારી સસ્પેન્ડ.. રાજકોટના વેપારી સાથે 1.44 અબજનો ફ્રોડ... આજથી ગુજરાત વિધાનસભાના ત્રી-દિવસીય ચોમાસુ સત્રનો પ્રારંભ, નવ વિધેયક પસાર કરાશે... હવે લિંબુના ભાવમા ભડકો છૂટક બજારમા કિલોના ભાવ રૂપિયા 240...